# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૫/ક્વા-૩/૧૯-૨૦/૮૨૧-૨૫** તા.૦૬-૦૨-૨૦૨૦

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૨૫/ક્વા-૩/૧૯-૨૦

અરજદાર: **પરફેક્ટ રીટ્રેડસ પ્રા. લી.** ગામ: **રાજકોટ** **સબડીવીઝન :રૈયારોડ- રાજકોટ**

રજૂઆત કરનાર: **અરજદાર પરફેક્ટ રીટ્રેડસ પ્રા. લી. હાજર રહેલ છે.**
**અરજદાર હાજર રહેલ નથી.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩**

રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **પી.જે.મેહતા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ: ૨૯-૦૧-૨૦૨૦ (બુધવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૭-૧૨-૨૦૧૯ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે વિમલ મારવાણીયા હાજર રહેલ** હતા અને **પીજીવીસીએલ પક્ષકાર તરફથી** કાર્યવાહક કાર્યપાલક ઈજનેર શ્રી **કે.બી.શાહ - નાયબ ઇજનેર એસ.જી.સોજીત્રા તથા એસ.એ.રેવન્યુ સી.પી.ચાવડા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩ તરફથી હાજર રહેલ** હતા. ત્યારબાદ સદર કેસની વધુ સુનાવણી તા. ૦૭-૦૧-૨૦૨૦ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે વિમલ મારવાણીયા હાજર રહેલ હતા અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી** કાર્યપાલક ઈજનેર શ્રી **પી.જે.મેહતા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩ હાજર રહેલ** હતા. અરજદારના પ્રતિનિધિ દ્વારા જણાવેલ કે અરજદારની હાજરી જરૂરી હોઈ વધુ એક મુદત આપવા વિનતી કરતા સદર કેસની સુનાવણી તા. ૨૯-૦૧-૨૦૨૦ (બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો ગેરહાજર/હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

**૨.૦ અરજદાર પરફેક્ટ** રીટ્રેડસ **પ્રા. લી. ગામ -રાજકોટ, તેઓની અરજીના નોંધણી નં: ૨૫/ક્વા-૩/૧૯-૨૦, માં જણાવે છે** કે, મેં. પરફેક્ટ રીટ્રેડસ પ્રા.લી. ના નામથી એલટીએમડી કનેકશન ધરાવે છે. આ કનેકશનમાં રેયા રોડ સબડીવીઝન તરફથી ઇલેક્ટ્રિક ડ્યુટી પેટે સપ્લીમેન્ટરી રીકવરી બીલ આપવામાં આવેલ છે. જે અન્વયે વાંધા અરજી સાથે ભરેલ છે. સદર બાબતે જણાવાયેલ કે વીજકર ગુજરાત સરકાર વતી પીજીવીસીએલ દ્વારા વસુલ કરવવામાં આવે છે તેથી ગવર્મેન્ટ ઓફ ગુજરાત ગાંધીનગરથી ઓર્ડર લઇ આવો ત્યાર બાદ જ તમારી પાસેથી વસુલેલ ખોટો વીજકર જમા આપવામાં આવશે. જયારે અમારી પાસે વિજકરની રીકવરી કરવાની હોઈ છે ત્યારે ગાંધીનગરના હુકમ વગર ડાયરેક્ટ રિકવરીનું બીલ મોકલી આપે છે અને ૧૫ દિવસમાં ના ભરીએ તો કનેક્શન કાપી નાખી નાખવાની ધમકી આપે છે.

**૨.૨ વીજળી અધિનિયમ ૨૦૦૩ પારા ૫૬-૨ મુજબ "તે સમયે અમલમાં તેવા બીજા કોઈપણ કાયદામાં ગમે તે મજકુર હોય તે છતાં, આ કલમ હેઠળ કોઈપણ ગ્રાહક પાસે લેણી કોઈપણ રકમ, જયારે આવી રકમ પ્રથમ લેણી બને તે તારીખથી બે વર્ષની મુદ્દત પછી વસુલ કરી શકાશે નહિ, સિવાય કે આવી રકમ, ઈલેક્ટ્રીસીટી સપ્લાયની ખર્ચની બાકી તરીકે વસુલ કરવાપાત્ર તરીકે સળંગ દર્શાવવામાં આવી હોય અને લાયસન્સદાર, ઇલેક્ટ્રિક સપ્લાય કાપ્યો હોવો જોઇશે નહિ." અમોને આપેલ સપ્લીમેન્ટરી બીલ માં બે વર્ષથી જૂની રીકવરી પણ કરવામાં આવેલ છે અને અમારા કોઈપણ બીલમાં તે બાકી રકમ તરીકે દર્શાવવામાં આવેલ નથી. જે વીજળી અધિનિયમ ૨૦૦૩ પારા ૫૬-૨ મુજબ અયોગ્ય છે. આ બાબત ધ્યાનમાં લઇ આપ સાહેબ શ્રીને નમ્ર વિનંતી કે રીકવરી બીલ નિયમ મુજબ સુધારી અમારી નીકળતી રકમ જમા અપાવવા હુકમ કરવા યોગ્ય કરશો.**

**૨.૩ અરજદાર ના બીજા એલટી કનેક્શન ૩૦૭૨૪/૦૫૦૩૪/૫ માં (ગ્રાહકનું નામ: સુર્યકાન્તભાઈ હીરજીભાઈ) અમોએ જૂની રીકવરી વાંધા અરજી સાથે ભરપાઈ છે. (વાંધા અરજી તા. ૧૪/૦૫/૨૦૧૮ વાવડી અર્બન સબડીવીઝન) અમોએ માંગેલ કે આ જૂની રીકવરી ક્યા સ્થળની છે? તેમ છતાં જણાવેલ નથી. ત્યારે તે કનેક્શન, વપરાશનું સ્થળ, વપરાશની વિગત,તેમજ ક્યા વપરાશ/પેનલ્ટી/વ્યાજ હેઠળ કરેલ તે વિગતો માંગેલ જે હજુ સુધી મળેલ નથી. અમારે ગોંડલ રોડ પર પરફેક્ટ કેપિટલ માર્કેટ માં લોડ વધારાની જરૂર હોઈ સૂર્યકાન્ત હીરજીભાઈ ના નામનું લેણું બાકી છે તે જ્યાં સુધી નહિ ભરો ત્યાં સુધી તમોને આ ગોંડલ રોડ પરના કનેક્શનમાં લોડ વધારો આપવામાં નહિ આવે તેવું જણાવતા અમારે ના છૂટકે આ પૈસા વાંધા અરજી સાથે ભરવા પડેલ છે. આ કનેક્શનમાં જયારે લોડ વધારો માંગ્યો ત્યારે પીજીવીસીએલ દ્વારા એમનેસ્ટી સ્કીમ પણ જે તે સમયે લાગુ હતી અમોએ એમનેસ્ટી સ્કીમનો લાભ આપવા મૌખિક રજૂઆત કરેલ તેમ છતાં અમોને પૈસા ભરાવવાનો આગ્રહ રાખેલ અને જણાવેલ કે જો કનેક્શન જોઈતું હોઈ તો પૈસા ભરપાઈ કર્યા બાદ જ લોડ વધારો આપવામાં આવશે. આપ સાહેબને નમ્ર વિનંતી કે અમારી પાસેથી ખોટી રીતે ફક્ત ભળતું નામ હોવાથી વસુલેલ રકમ વ્યાજ સાથે પરત અપાવવા હુકમ કરવા વિનંતી. ઉપરોક્ત બાબતે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- મેં. પરફેક્ટ રીટ્રેડસ પ્રા.લી. ના નામનું એલટીએમડી કનેકશન કનેકશનમાં રેયા રોડ સબડીવીઝન હેઠળ ધરાવે છે. જેમાં ઇલેક્ટ્રિક ડ્યુટી પેટે સપ્લીમેન્ટરી રીકવરી બીલ આપવામાં આવેલ છે. જે અન્વયે જણાવવાનું કે ગ્રાહક નં.૬૧૬૮૨/૦૦૦૪૪/3 LTMD વીજ જોડાણમાં એપ્રિલ-૧૭ થી માર્ચ -૧૮ ના ઓડીટ દરમ્યાન વીજકર ૨૫% લેવાપાત્ર થાય છે પરંતુ બીલમાં ૧૦% લેખે વીજકર આવતી હોય વીજકર તફાવત ની રકમ રૂ.૪૭૪૬૨.૭૬ નું પુરવણી બીલ ગ્રાહકને તા.૦૮.૦૭.૨૦૧૯ થી પત્ર દ્વારા આપેલ જે અનુસંધાને ગાહકે વાંધા અરજી સાથે રૂ.૪૭૪૬3.00 તા.26.0૯.૨૦૧૯ થી ભરપાઈ કરેલ છે. જે રકમ ઇન્ડિયન ઈલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩ ની કલમ ૫૬(૨) મુજબ ભરપાઈ કરવા પાત્ર છે.

૩.૧ અરજદારની ફરીયાદ મુજબ એલ ટી કનેક્શન ૩૦૭૨૪૦૫૦૩૪૫ ના ઓડીટ રીકવરી બાબતે જણાવેલ કે સદર ગ્રાહક નંબર વાળું વીજ જોડાણ ભૂતકાળ માં રૂરલ સબડીવીઝન રાજકોટ દ્વારા ગ્રાહક નંબર-૩૪૫૨૩૦૫૦૩૪૧ થી રીલીઝ કરવામાં આવેલ, ત્યારબાદ સદર ગ્રાહક સબડીવીઝન બાયફરગેશન દરમીયાન માધાપર અર્બન સબડીવીઝન હેઠળ ટ્રાન્સફર થયેલ જે માધાપર સબડીવીઝન ખાતે તપાસ કરતા સદર કેઈસ સૂર્યકાન્ત હીરજી નામ થી મળેલ જે કનેક્શન નું સરનામું નાથા મેપા વાડી પાસે, મોરબી રોડ પર આવેલ હોય અને જે કનેક્શન સપ્ટેમ્બર-૧૯૮૨ માં રીલીઝ થયેલ હોય જે ફાઈલ ની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

૩.૨ ગ્રાહક શ્રી સૂર્યકાંત હિરજીભાઇ પેરફેક્ટ રેટ્રેડર્સ જોડાણ નં ૩૦૭૨૪૦૫૦૩૪૫ એ રૂ. ૫૪૩૧૬.૦૬ તા. ૪.૭.૨૦૧૮ એમ્નેસ્ટી સ્કીમમાં ભરપાઈ કરીને લાભ લીધેલ છે તથા તેઓને વિલંબિત ચુકવણી ચાર્જ રૂ ૩૮૯૭૭.00 એમ્નેસ્ટી સ્કીમમાં માફ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની ફરીયાદ મુજબ (૧) રેયા રોડ સબડીવીઝન તરફથી ઇલેક્ટ્રિક ડ્યુટી પેટે સપ્લીમેન્ટરી રીકવરી બીલ આપવામાં આવેલ જે જમા આપવા અને (૨) અરજદારના બીજા એલટી કનેક્શન ૩૦૭૨૪/૦૫૦૩૪/૫ માં જૂની રીકવરી(ગ્રાહકનું નામ: સુર્યકાન્તભાઈ હીરજીભાઈ) વાંધા અરજી સાથે ભરપાઈ કરેલ હોઈ જે **ખોટી રીતે ફક્ત ભળતું નામ હોવાથી વસુલેલ જેથી સદર રકમ વ્યાજ સાથે પરત અપાવવા હુકમ કરવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.**

૪.૨ ઉપરોક્ત બાબતે પીજીવીસીએલ પક્ષકાર તરફથી રજુ કરેલ આધાર પુરાવા મુજબ મેં. પરફેક્ટ રીટ્રેડસ પ્રા.લી. ના નામનું ગ્રાહક નં.૬૧૬૮૨/૦૦૦૪૪/૩ થી એલટીએમડી કનેકશન રેયા રોડ સબડીવીઝન હેઠળ ધરાવે છે. એપ્રિલ-૧૭ થી માર્ચ -૧૮ ના ઓડીટ દરમ્યાન સદર વીજ જોડાણમાં વીજકર ૨૫% લેવાપાત્ર થાય છે પરંતુ બીલમાં ૧૦% લેખે વીજકર આવતો હોય વીજકર તફાવત ની રકમ માહે ફેબ્રુ-૨૦૧૭ થી મે-૨૦૧૮ સુધી કુલ રૂ.૪૭૪૬૨.૭૬ નું પુરવણી બીલ ગ્રાહકને તા.૦૮.૦૭.૨૦૧૯ થી પત્ર દ્વારા આપેલ છે. અરજદાર દ્વારા **વીજળી અધિનિયમ ૨૦૦૩ પારા ૫૬-૨ મુજબ અયોગ્ય હોવાની રજુઆત કરેલ છે.**

૪.૩ નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૬.૮૪ મા કરાયેલ જોગવાઈ નીચે મુજબ છે. '' કોઈપણ ગ્રાહક પાસે ચુકવણીમાં કસુરને કારણે બાકી નિકળતી રકમ, આવી રકમ પ્રથમ બાકી નિકળે તે તારીખ થી ૦૨ વર્ષની મુદત પછી વસુલવા પાત્ર થશે નહિ, સીવાયકે આવી રકમ, અધિનિયમની કલમ –૫૬ અનુસાર પુરી પાડેલી વીજળી તરીકે સતત દર્શાવવામા આવી હોય'' તે મુજબ સદર કેઈસ માં ઉપરોક્ત મુદ્દા નં.૪.૨ મુજબ અરજદાર પાસેથી ૨-વર્ષ થી વધારે ની રકમ વસુલાત કરી શકાય નહિ. જેથી અરજદાર પાસેથી વધારે વસુલાત કરેલ રકમ નિયમ મુજબ રીફંડ દિવસ ૧૦ માં અરજદાર તેમજ અત્રેના ફોરમની જાણકારી હેઠળ આપવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૪ અરજદારની ફરીયાદ મુજબ બીજા એલટી કનેક્શન ૩૦૭૨૪/૦૫૦૩૪/૫ માં જૂની રીકવરી(ગ્રાહકનું નામ: સુર્યકાન્તભાઈ હીરજીભાઈ) અનુસંધાને પીજીવીસીએલ પક્ષકાર તરફથી રજુ કરેલ ઉપરોક્ત મુદ્દા નં. ૩.૧ મુજબ અરજીપત્રક - ભાવપત્રક અને કરારનામા ની નકલ રજુ કરેલ તે મુજબ વિગત નીચે મુજબ છે.

રૂરલ સબ ડીવીજન રાજકોટ
અરજી નો નોધણી ક્રમ -૩૯૯ – નોંધણી ફી રૂ.50/- રસીદ નં.૨૫૭૦૪ તા. ૦૧.૦૬.૧૯૮૨
માંગેલ વીજભાર -૦૮ હો. પા. (થ્રી ફેઈજ )
શ્રી સૂર્યકાન્તભાઈ હીરજીભાઈ પટેલ
C/o- Prabhat solvent Ext Ind Pvt Ltd near Natha Mepa's Vadi Morbi Road Rajkot.

અરજદારના વીજજોડાણમાં વધારા ની અરજી વખતે ઉપરોક્ત વીજજોડાણ ની જૂની એરીઅર્સ ભરપાઈ કરેલી છે જે કનેક્શનની વિગત તેમજ સ્થળ અંગેની વિગત અરજદારના પ્રતિનિધિ ને આપેલ છે. આમ લેણી રકમ જે તે

સમયની હોય પીજીવીસીએલ પક્ષકાર દ્વારા વસુલ કરેલી રીકવરીની રકમ નિયમ મુજબ છે.

૪.૫ વધુમા, માફી યોજના ૨૦૧૭ હેઠળ અરજદાર ગ્રાહક શ્રી સૂર્યકાંત હિરજીભાઇ પરફેક્ટ રેટ્રેડર્સ જોડાણ નં ૩૦૭૨૪૦૫૦૩૪૫ એ રૂ. ૫૪૩૧૬.૦૬ તા. ૪.૭.૨૦૧૮ એમ્નેસ્ટી સ્કીમમાં ભરપાઈ કરીને તેઓને વિલંબિત ચુકવણી ચાર્જ રૂ ૩૮૯૭૭.00 એમ્નેસ્ટી સ્કીમ હેઠળ માફ કરેલ છે. આમ અરજદાર દ્વારા કરેલ એમ્નેસ્ટી સ્કીમમાં લાભ ન મળવા અંગેની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

૪.૬ સદર કેઈસ મા, ઉપરોક્ત મુદ્દા નં. ૪.૩ મુજબ ની વિગતે કાર્યવાહી કરવાનો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે.

૪.૭ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(કે. જે. મોટાણી) (જે.બી.પારેખ)

સભ્ય (સ્વતંત્ર) ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯